# માર્ચ-એપ્રિલ ૨૦૨૧ દરમ્યાન ઘઉંના ભાવનો વરતારો

ઘઉં આંતરરાષ્ટ્રીય સ્તરે ઉગાડવામાં આવેલા મુખ્ય અનાજ પાકમાંથી એક તરીકે ગણવામાં આવે છે અને વિશ્વની લગભગ ૨.૫ અબજ વસ્તીનો મુખ્ય ખોરાક છે. ઘઉં વાર્ષિક ધોરણે ૨૧૫ મિલિયન હેક્ટરમાં ઉગાડવામાં આવે છે - આ ક્ષેત્ર ગ્રીનલેન્ડની સમકક્ષ છે અને સ્કેન્ડિનેવિયાથી દક્ષિણ અમેરિકા અને એશિયામાં વહેંચાયેલું છે, જે તેને અન્ય મુખ્ય ખાદ્ય પાકની તુલનામાં વધુ પ્રમાણમાં ઉગાડવામાં આવતો ધાન્ય પાક બનાવે છે. તે ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશોમાં પ્રોટીનના મુખ્ય સ્ત્રોત તરીકે મકાઈ અથવા ચોખા કરતાં પણ આગળ છે. ઘઉં કેલરીના સ્રોત તરીકે ચોખા પછી બીજા ક્રમે છે. ઉત્તર આફ્રિકા અને પશ્ચિમ અને મધ્ય એશિયાના દેશોમાં ઘઉં તેમના ખોરાકનો મહત્વનો સ્ત્રોત છે.

વિશ્વમાં વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન ૨૧૬ મિલિયન હેક્ટરમાં ઘઉંનું વાવેતર થયેલ અને ઉત્પાદન અંદાજે ૭૬૪ મિલિયન ટન અને તેની ઉત્પાદકતા ૩.૨૨ ટન પ્રતિ હેક્ટર રહેલ. વિશ્વમાં સૌથી વધુ ઘઉંનું વાવેતર કરનારા દેશોમાં ભારત (૨૯.૩૨ મિલિયન હેક્ટર), રશિયા (૨૭.૩૧ મિલિયન હેક્ટર), ચીન (૨૩.૭૩ મિલિયન હેક્ટર), યુએસએ (૧૫.૦૪ મિલિયન હેક્ટર), કઝાકિસ્તાન (૧૧.૩૪ મિલિયન હેક્ટર), કેનેડા (૯.૬૬ મિલિયન હેક્ટર), પાકિસ્તાન (૮.૮૦ મિલિયન હેક્ટર), યુક્રેન (૭.૦૨ મિલિયન હેક્ટર) અને તુર્કી (૭.૦૦ મિલિયન હેક્ટર) છે. વર્ષ ૨૦૧૯-૨૦માં દુનિયામાં ઘઉંનો આખર સ્ટોક અંદાજે ૨૭૬.૫૬ મિલિયન ટન જે વર્ષ ૨૦૧૮-૧૯ માં અંદાજે ૨૭૧.૪૪ મિલિયન ટન રહેલ.

વર્ષ ૨૦૧૯-૨૦માં ભારતમાં ઘઉંનો વાવેતર વિસ્તાર અંદાજે ૨૯.૩૨ મિલિયન હેક્ટર હતો અને ઉત્પાદન અંદાજે ૧૦૩.૬ મિલિયન ટન રહેલ અને તેની ઉત્પાદકતા પ્રતિ હેકટરે ૩.૫૩ ટન હતી. વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન ભારતમાંથી ઘઉંની નિકાસ અંદાજે ૦.૨૧૭૪ મિલિયન મેટ્રિક ટન હતી, જે વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન ૦.૨૨૬૨ મિલિયન મેટ્રિક ટન હતી. વર્ષ ૨૦૧૯-૨૦માં ભારતમાં ઘઉનો આખર સ્ટોક આશરે ૨૦.૮ મિલિયન ટન હોવાનો અંદાજ છે જ્યારે ૨૦૧૮-૧૯માં ૧૯.૫૦ મિલિયન ટન જેટલો હતો.

વર્ષ ૨૦૨૦-૨૧ માં ચોથા આગોતરા અંદાજ (કૃષિ કલ્યાણ વિભાગ, ગાંધીનગર, ગુજરાત, ૨૦૨૦-૨૧) મુજબ ઘઉંનો વાવેતર વિસ્તાર અંદાજે ૧૨૭૩.૭૮ હજાર હેક્ટર નોંધાયેલ અને ઉત્પાદન અંદાજે ૪૦૪૭.૫૧ હજાર ટન રહેશે અને ઉત્પાદકતા અંદાજે ૩૧૭૭ .૫૧ કિગ્રા પ્રતિ હેક્ટર રહેવાની સંભાવના છે. ફેબ્રુઆરી ૨૦૨૧ માં ઘઉંનો ભાવ બજારમાં રૂ. ૧૮૧૧ પ્રતિ ક્વિન્ટલ જેટલો ચાલી રહેલ છે, જે ફેબ્રુઆરી ૨૦૨૦ માં રૂ. ૨૩૯૯ પ્રતિ ક્વિન્ટલ હતો. ઘઉં નો વર્તમાન ભાવ તેના સમર્થન મૂલ્ય રૂ ૧૯૭૫ કરતાં

૮.૩૦ ટકા જેટલો ઓછો છે.

ઉપરોક્ત ઉત્પાદન, આંતરાષ્ટ્રીય બજાર અને સ્થાનિક બજારો ની વિગતોને ધ્યાને લઈને સેન્ટર ઓફ એગ્રીકલ્ચરલ માર્કેટિંગ ઇન્ટેલીજન્સ, નાહેપ-કાસ્ટ પ્રોજેક્ટ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે સંશોધન હાથ ધરવામાં આવેલ જેમાં ગુજરાત રાજ્યના મુખ્ય બજારોના ઘઉંના ઐતિહાસિક માસિક ભાવોનું વિશ્લેષણ કરેલ જેના તારણ પરથી અનુમાન છે કે **ઘઉંનો ભાવ માર્ચ-એપ્રિલ ૨૦૨૧માં રૂ. ૩૬૦ થી ૪૨૦ પ્રતિ મણ (રૂ. ૧૮૦૦ થી ૨૧૦૦ પ્રતિ ક્વિન્ટલ) રહેવાની સંભાવના છે.**